।। શ્રી મહાવીરાય નમઃ।।

# શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ

સંચાલિત

# માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ

**Website :** www.jainshikshan.org **E mail :** jainshikshanboard@gmail. com

**૧૩ જુલાઈ ૨૦૨૫** **મહિલા મંડળ** **કુલ ગુણ : ૧૦૦**

**સૂચના : ૧) જે પ્રમાણે સવાલ પૂછ્યા હોય તે જ પ્રમાણે જવાબ લખવા. વાર્તા કે થોકડાના લાંબા જવાબ લખવા નહિ.**
**૨) આપના જવાબ પેપરમાં આપે ઓપન બુક આપી છે કે રેગ્યુલર તે ખાસ લખજો. જેમણે નહીં લખ્યું હોય તેમનો નંબર આવશે તો પણ નંબર આપવામાં નહીં આવે.**

**શ્રેણી – ૨૪**

| | | | |
|---|---|---|---|
| STUDENT NAME | | ROLL NO. | |
| DATE OF BIRTH | | MOBILE NO. | |
| OPEN /REGULAR | | WRITER | |
| SANGH NAME | | SUPARVISOR NAME | |
| MAHILA MANDAL | | TOTAL MARKS | |

(૨૦)

**પ્ર.૧ (અ) સામાયિક–પ્રતિક્રમણના આધારે** **(૧૦)**

**(૧) નીચેના પાઠની પૂર્તિ કરો.** **(૬)**

૧. તસ્સ **ધમ્મસ્સ કેવલી પન્નત્તસ્સ અબ્ભુટ્ઠિઓમિ આરાહણાએ** વિરઓમિ

૨. માણસિઓ **ઉસ્સુત્તો ઉમ્મગ્ગો અકપ્પો અકરણિજ્જો** દુજ્ઝાઓ

૩. ખામેમિ **ખમાસમણો દેવસિયં વઈક્કમં આવસ્સિયાએ** પડિક્કમામિ

**(૨) નીચેના શબ્દોના ગુજરાતીમાં અર્થ લખો અને કયા પાઠમાં આવે છે?** **(૪)**

૧. સંજમં ઉવસંપજ્જામિ **સંયમને અંગીકાર કરું છું** **પાંચમા શ્રમણસૂત્રમાં**

૨. પુચ્છણા **પૂછવું** **ધર્મધ્યાનના કાઉસ્સગ્ગમાં**

૩. અપરિસુદ્ધં **અશુદ્ધ ભિક્ષા** **બીજા શ્રમણસૂત્રમાં**

૪. સવ્વભૂએસુ **બધા જીવોથી** **ક્ષમાપના સૂત્રમાં**

**(આ) આવશ્યક સૂત્રના આધારે....** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ એક શબ્દમાં લખો.** **(૨)**

૧. વ્રણ ચિકિત્સા એટલે શું? **કાયોત્સર્ગ** ૨. મીઠાઈરૂપ વિગયનો ત્યાગ **આયંબિલ**

૩. આત્મવિશુદ્ધિની મહત્ત્વપૂર્ણ સાધના **પ્રતિક્રમણ** ૪. પ્રતિક્રમણના મુખ્ય વિષય **ચાર**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં જવાબ લખો.** **(૮)**

૧. શ્રાવક પ્રતિક્રમણ દ્વારા શેની શુદ્ધિ કરે છે?

**વ્રતધારી શ્રાવક પોતાના વ્રતોની શુદ્ધિ કરે છે અને જે વ્રતધારી ન હોય તેવા શ્રાવકો પ્રતિક્રમણ દ્વારા ભાવ વિશુદ્ધિ દ્વારા અનંત કર્મોની નિર્જરા કરે છે. તેમજ પ્રતિક્રમણ કરતા તેમને પણ વ્રતધારી બનવાના ભાવ પ્રગટે છે.**

૨. પ્રાયશ્ચિત્તથી વિશુદ્ધ બનેલો આત્મા કેવો બને છે? કેવી રીતે વિચરણ કરે છે? શેની સાધના કરે છે?

**ભાર ઉતરી જવાથી સ્વસ્થ અને સુખી બનેલા ભારવાહકની જેમ સ્વસ્થ અને શાંત–પ્રશાંત બની જાય છે. તે પ્રશસ્ત ધ્યાનમાં મગ્ન થઈને સંયમમાં સુખપૂર્વક વિચરણ કરે છે. આ રીતે સાધક પોતાના લક્ષ્યપૂર્વક આભ્યંતર તપની સાધના કરે છે.**

૩. પ્રત્યાખ્યાન શુદ્ધિ માટે કેટલા પ્રકારની શુદ્ધિ આવશ્યક છે? માત્ર નામ લખો.

**છ, ૧) શ્રદ્ધા ૨) જ્ઞાન ૩) વિનય ૪) અનુભાષણ ૫) અનુપાલન ૬) ભાવ શુદ્ધિ.**

૪. પ્રતિક્રમણ એટલે શું? તેના કેટલા અર્થ આપ્યા છે? ચોથો લખો.

**પાછા ફરવું. તેના ચાર અર્થ આપ્યા છે. રાગદ્વેષાદિ કર્મના ઉદયજન્ય ભાવોથી પાછા ફરીને સમતા, નમ્રતા, ક્ષમા, સરળતા, સંતોષ આદિ ભાવોમાં સ્થિર થવું તે પ્રતિક્રમણ.**

(૨૦)

**પ્ર.૨ (અ) સમવાયાંગ સૂત્રના આધારે ખાલી જગ્યા પૂરો. (૧૦)**

૧. એકાંત ક્રિયાવાદી ...... ની ક્રિયાને ...... કે ...... માને છે. **વિષયભોગ, સુખ, સમાધિકારક**

૨. દોષિત આહાર ...... ...... દુ:ષિત કરે છે. **અહિંસા મહાવ્રત**

૩. ...... અને ...... ના સમન્વયથી મોક્ષ થાય છે. **જ્ઞાન, ક્રિયા**

૪. ભાવ માર્ગ જ ...... છે, ...... છે, ...... છે. **સત્ય, પૂર્ણ, ન્યાયયુક્ત**

૫. તેઓ સમાધિના કારણભૂત ...... ....... કે ....... ....... આદિ ચારિત્ર સમાધિથી દૂર રહે છે.

**ત્યાગ, વૈરાગ્ય, સંયમ, તપ**

૬. વિનય ...... નું મૂળ છે. ...... નું અંગ નથી. **ધર્મ, ચારિત્ર**

૭. મિથ્યાત્વરૂપ ...... પ્રવાહમાં ડૂબતા પ્રાણીઓ માટે ...... માર્ગ જ ...... સમાન છે.

**સંસાર, સર્વજ્ઞકથિત, દ્વીપ**

૮. સાધુએ ...... માં બાધક બને તેવી તમામ ...... નો ત્યાગ કરવો જોઇએ. **સમાધિ, પ્રવૃત્તિઓ**

**(આ) ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ આપો. (૧૦)**

૧. કષાયને લગતા મુંડનના નામ લખો. **ક્રોધ મુંડન, માન મુંડન, માયા મુંડન, લોભ મુંડન.**

૨. સંકેત પ્રત્યાખ્યાન કયા સંકેત દ્વારા કરવામાં આવે છે? **મુટ્ઠી, અંગુઠી, ગાંઠ, નમસ્કાર મંત્ર.**

૩. બાલદશામાં શેનો બોધ નથી? **સુખ–દુઃખ અથવા સારા નરસાનો વિશેષ બોધ થતો નથી.**

૪. વિદ્યાધરની અને આભિયોગિકની શ્રેણીમાં કોણ રહે છે? બે શબ્દમાં લખો. **વિદ્યાધર મનુષ્યો, વ્યંતર દેવો**

૫. નક્ષત્ર કેટલા છે? જ્ઞાન વૃદ્ધિના નક્ષત્રો કેટલા? બે શબ્દમાં લખો. **૨૮, ૧૦**

૬. કયા બે વાસુદેવનું શંખનાદથી મિલન થયું? જંબૂદ્વીપના ભરતમાં ત્યારે કોનું શાસન હતું?

**કૃષ્ણ વાસુદેવ અને કપિલ વાસુદેવ, ભગવાન અરિષ્ટનેમિ.**

૭. ભગવાન મહાવીરે સ્વપ્ન ક્યારે જોયા? એક શબ્દમાં લખો. **છદ્મસ્થકાળમાં**

૮. ઉપસંપદા સમાચારી એટલે શું?

**જ્ઞાન, દર્શન, ચારિત્રની વિશેષ પ્રાપ્તિ માટે કેટલોક સમય બીજા આચાર્ય પાસે રહેવું.**

૯. શસ્ત્ર કોને કહે છે? **જીવ ઘાત અથવા હિંસાના સાધનને શસ્ત્ર કહે છે.**

૧૦. અનાદતા એટલે શું? **અનાદાર, તિરસ્કૃત બની દીક્ષા લેવી.**

(૧૦)

**પ્ર. ૩ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના ઉત્તર બે શબ્દમાં લખો.**

૧. સોમ બ્રાહ્મણે નાગશ્રીને કેવા શબ્દોથી ફિટકારી? **પાપિણી, પતિતા**

૨. સુકુમાલિકાના લગ્ન કોની સાથે થયા? **સાગરપુત્ર, ભિખારી**

૩. નારદને જોઈને કોણ ઊભું થયું? **પાંડુ રાજા, પાંચ પાંડવો**

૪. અમરકંકા દ્રૌપદીને છોડાવવા કોણ ગયું? **કૃષ્ણ વાસુદેવ, પાંચ પાંડવ**

૫. નાગશ્રી કેવી વ્યથાથી વ્યથિત થઈ? **શારીરિક, માનસિક**

૬. ધર્મરુચિ અણગારના શરીરમાં કેવી વેદના ઉત્પન્ન થઈ? **દુઃખકારી, દુસહ્ય**

૭. સુકુમાલિકા આર્યાને ગોપાલિકા સાધ્વી પર શું ન થયું? **શ્રદ્ધા, રુચિ**

૮. દ્રૌપદીએ પાંચ પાંડવોને ચારે બાજુથી શેનાથી વેષ્ટિત કરી દીધા? **કુસુમદામ, ફૂલોના હારથી**

૯. પાંડવો અને દ્રૌપદી કાળ કરીને કઈ ગતિમાં ગયા? **સિદ્ધ ગતિ, દેવ ગતિ**

૧૦.સુકુમાલિકા આર્યાએ શું ન કર્યું? **આલોચના, પ્રતિક્રમણ**

(૨૦)

**પ્ર.૪ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૫)**

૧. રાગો **દોસો મોહો, અણ્ણાણં જસ્સ અવગયં હોઈ ।**

**આણાએ રોયંતો, સો ખલુ આણારુઈ** ણામ ॥

**અર્થ : જેના રાગ, દ્વેષ, મોહ, અંધકાર અંશતઃ નષ્ટ થયા છે અને જિનાજ્ઞાથી જીવાદિ તત્ત્વો પર રુચિ રાખે છે, તે ખરેખર આજ્ઞા રુચિવાળો છે.**

૨. તહિયાણ **તુ ભાવાણં, સબ્ભાવે ઉવએસણં ।**

**ભાવેણ સદ્દહંતસ્સ, સમ્મત્તં તં** વિયાહિયં ॥

**અર્થ : આ નવ તત્ત્વોના અસ્તિત્વની સ્વાભાવિક રીતે (પોતાની મેળે) અથવા અન્યના ઉપદેશથી શ્રદ્ધા કરવી, તેને જિનેશ્વરોએ સમ્યક્ કહ્યું છે.**

૩. ણિસગ્ગુ **વએસ રુઈ, આણારુઈ સુત્ત બીયરુઈમેવ ।**

**અભિગમવિત્થારરુઈ, કિરિયા સંખેવ** ધમ્મરુઈ ॥

**અર્થ : નિસર્ગ રુચિ, ઉપદેશ રુચિ, આજ્ઞા રુચિ, સૂત્ર રુચિ, બીજ રુચિ, અભિગમ રુચિ, વિસ્તાર રુચિ, ક્રિયા રુચિ, સંક્ષેપ રુચિ અને ધર્મ રુચિ.**

૪. ખવિત્તા **પુવ્વકમ્માઈ, સંજમેણ તવેણ ય ।**

**સવ્વદુક્ખ પહીણટ્ઠા, પક્કમંતિ** મહેસિણો ॥

**અર્થ : સંયમ અને તપથી પૂર્વકૃત કર્મોનો ક્ષય કરી સર્વ દુઃખોનો ક્ષય કરવા મહર્ષિઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર માં પરાક્રમ કરે છે, તેના ફળ સ્વરૂપ તેઓ સિદ્ધ ગતિ પ્રાપ્ત કરે છે.**

૫. અણભિગ્ગહિય **કુદિટ્ઠી, સંખેવરુઈ ત્તિ હોઈ નાયવ્વો।**

**અવિસારઓ પવયણે, અણભિગ્ગહિઓ ય** સેસેસુ॥

**અર્થ : જેણે મિથ્યાત્વ મતને ગ્રહણ કર્યો નથી, જે જિન પ્રવચનમાં વિશારદ નથી તેમ જ જિનમત સિવાય અન્ય મતના શાસ્ત્રોને પણ સ્વીકાર્યા નથી, પરંતુ જે અલ્પબોધથી તત્ત્વ શ્રદ્ધાવાન છે, તે તેની સંક્ષેપ રુચિ છે, તેમ જાણવું જોઇએ.**

**(૨) નીચેની ગાથાઓ પૂર્ણ કરો.** **(૩)**

૧. ગુણાણ **માસઓ દવ્વં, એગ દવ્વસ્સિયા ગુણા ।**

**લક્ખણં પજ્જવાણં તુ, ઉભઓ અસ્સિયા** ભવે ॥

૨. ગઈ **લક્ખણો ઉ ધમ્મો, અહમ્મો ઠાણ લક્ખણો ।**

**ભાયણં સવ્વદવ્વાણં, ણહં ઓગાહ** લક્ખણં ॥

**(૩) નીચેના પ્રશ્નોના ઉત્તર એક શબ્દમાં આપો.** **(૨)**

૧. મોક્ષમાર્ગનું અંગ શું છે? **સમ્યગ્ જ્ઞાન** ૨. આધારભૂત દ્રવ્ય કયું છે? **આકાશાસ્તિકાય**

૩. ગુણોનો આધાર શું છે? **દ્રવ્ય** ૪. ઉપબૃંહણના કેટલા અર્થ છે? **ત્રણ**

(૨૦)

**પ્ર. ૫ ૨૩ પદવીના આધારે લખો.**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ ટૂંકમાં લખો.** **(૧૦)**

૧. ચક્રરત્ન, પુરોહિત, ખડગરત્ન અને ગજરત્નની અવગાહના લખો.

**અવગાહના – ચક્રરત્ન – એક ધનુષ પ્રમાણ હોય. પુરોહિત – ચક્રવર્તીની અવગાહના પ્રમાણે હોય.**

**ખડગરત્ન – ૫૦ આંગુલ લાંબું, ૧૬ આંગુલ પહોળું, અર્ધ આંગુલ જાડું અને ૪ આંગુલની મુષ્ટિ હોય.**

**ગજરત્ન – ચક્રવર્તીથી બમણો હોય.**

૨. ચકર્વર્તીથી ૪ આંગુલ નીચી અવગાહના કોની હોય? તે ક્યાં ઉત્પન્ન થાય? તેનું કાર્ય શું? મરીને ક્યાં જાય?

**ચકર્વર્તીથી ૪ આંગુલ નીચી અવગાહના સ્ત્રી રત્નની હોય. તે વિદ્યાધરની શ્રેણીમાં ઉત્પન્ન થાય. તેનું કાર્ય ચક્રવર્તીના ભોગવિલાસ, વિષયભોગમાં કામ આવે. મરીને નરકમાં જાય.**

૩. જે જ્ઞાન માત્ર સાધુને ઉત્પન્ન થાય તેમાં કેટલી અને કઈ પદવીનો આવે?

**મનઃપર્યવ જ્ઞાનમાં ૩ પદવી તે તીર્થંકર, સાધુ, સમકિત. (તીર્થંકર દીક્ષા ગ્રહણ કરે છે ત્યારે મનઃપર્યવ જ્ઞાન પ્રગટ થાય છે તે અપેક્ષાએ તીર્થંકરની ગણના છે.) કેવળજ્ઞાનમાં ૪ પદવી તે તીર્થંકર, કેવળી, સાધુ, સમકિત.**

૪. પાંચમી ગ્રૈવેયક અને પાણીમાંથી નીકળેલા કેટલી પદવી પામે?

**પાંચમી ગ્રૈયેયકમાંથી નીકળેલા ૧૪ પદવી પામે તે ૯ ઉત્તમ પદવી, સેનાપતિ, ગાથાપતિ, વાર્ધિક, પુરોહિત, અને સ્ત્રી રત્ન.**

**પાણીમાંથી નીકળેલા ૧૯ પદવી પામે તે ૭ એકેન્દ્રિય રત્ન, ૭ પંચે. રત્ન, કેવળી, સાધુ, શ્રાવક, સમકિતી, માંડલિક.**

૫. એકેન્દ્રિયની પદવી કેટલી છે? પૃથ્વીકાયમાં કયા રત્ન આવે? તેની અવગાહના લખો.

**એકેન્દ્રિયની પદવી સાત છે. પૃથ્વીકાયમાં મણિ અને કાકણ્ય રત્ન આવે. મણિ રત્ન ચાર આંગુલ લાંબું, બે આંગુલ પહોળું અને તેને ત્રણ ખૂણા હોય. કાકણ્ય રત્ન છયે બાજુથી ચાર આંગુલ લાંબું, ચાર આંગુલ પહોળું, ચાર આંગુલ ઊંચું તેને છ તલ, આઠ ખૂણા, બાર હાંસ્યો, સોનાની એરણના આકારે હોય.**

**(૨) મને ઓળખો.** **(૧૦)**

૧. અમારામાં ૧૪ પદવી લાભે. **પુરુષ વેદ, મનુ. ગતિ, ગૃહસ્થલિંગ, મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિ દર્શન**

૨. અમે મનુષ્ય થવા છત્તાં સેનાપતિ થતા નથી? **૫ અનુત્તર વિમાનના દેવો**

૩. અમે નરક કે દેવમાંથી જ આવીએ છીએ? **તીર્થંકર, વાસુદેવ, ચક્રવર્તી, બળદેવ**

૪. ઊર્ધ્વલોકમાં મનુષ્ય તરીકે અમે જઈએ છીએ. **વિદ્યાચારણ, જંઘચારણ**

૫. અપર્યાપ્તામાં મારી પદવી લાભે. **સમકિત.**

૬. અમારામાં નવ પદવીનો આવે. **પાંચમી–છઠ્ઠી નરક**

૭. હું ગુફાનો દરવાજો ઉઘાડું છું. **દંડ રત્ન**

૮. ચક્રવર્તી વિજયયાત્રા માટે જાય તો મારા સિવાય બધા રત્ન જાય છે? **સ્ત્રી રત્ન**

૯. મારો સમાવેશ શલાખા પુરુષમાં છે પણ ઉત્તમ પદવીમાં નથી. **પ્રતિવાસુદેવ**

૧૦. અમારામાંથી નીકળેલા જીવો તિર્યંચ ગતિ જ પામે છે. **તેઉકાય, વાઉકાય, સાતમી નરક**

(૧૦)

**પ્ર. ૬ કોઠો બનાવીને માર્ગણા લખો.**

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | કુલ ભેદ |
|---|---|---|---|---|---|
| ૧. એક વેદી ત્રસમાં | ૧૪ | ૧૬ | ૧૦૧ | ૭૦ | ૨૦૧ |
| ૨. બાદર ઔદારિક મિશ્રયોગીમાં | ૦ | ૨૫ | ૨૧૭ | ૦ | ૨૪૨ં |
| ૩. અધોલોક ગર્ભજ | ૦ | ૧૦ | ૨ | ૦ | ૧૨ |
| ૪. નોગર્ભજ વિભંગજ્ઞાની | ૧૪ | ૦ | ૦ | ૧૮૮ | ૨૦૨ |
| ૫. ઔદારિક તેજોલેશ્યામાં | ૦ | ૧૩ | ૨૦૨ | ૦ | ૨૧૫ |
| ૬. પ્રત્યેક શરીરી બાદર પર્યાપ્તામાં | ૭ | ૧૮ | ૧૦૧ | ૯૯ | ૨૨૫ |
| ૫. સમુચ્ચય અસંજ્ઞી ત્રસમાં | ૧ | ૨૧ | ૧૭૨ | ૫૧ | ૨૪૫ |
| ૫. મનયોગી મિથ્યાત્વીમાં | ૭ | ૫ | ૧૦૧ | ૯૪ | ૨૦૭ |
| ૯. તેજોલેશી વચનયોગીમાં | ૦ | ૫ | ૧૦૧ | ૬૪ | ૧૭૦ |
| ૭. નીલલેશી સમ્યગ્દષ્ટિમાં | ૬ | ૧૮ | ૯૦ | ૭૨ | ૧૮૬ં |

**જય – જિનેન્દ્ર**


- ❋ **PLEASE CONATACT DSB HELPLINE NO. 9702277914 FOR FREE ONLINE SHRENI CLASSES.**
- ❋ **NEXT CLASS STARTS AUGUST 4TH/5TH MONDAY AND TUESDAY.**
- ❋ **TO JOIN OUR TELEGRAM GROUP. CONTACT DSB HELPLINE NO. 9702277914.**
- ❋ **FOR BOOKS AND EXAM REGISTRATION.**